# જતન અને તક

# લક્ષી આયોજન




## રોજિંદુ જીવન વધુ પોષણક્ષમ બનાવવા માટે

ઘરેલું ખર્ચાઓ ઘટાડી વધુ નાણાંકીય સુરક્ષા પૂરી પાડનાર અર્થસભર રોકાણો કરીને ઑન્ટેરિઓ રાજ્ય આ ઝડપી આર્થિક પરિવર્તનના સમય દરમિયાન તમામ ઉંમરના લોકોને પ્રગતિ કરવામાં મદદ કરી રહ્યું છે. રહેવા, કામ કરવા, અને કુટુંબના ઉછેર માટે ઑન્ટેરિઓ એક ઉત્તમ સ્થળ બની રહે તે સુનિશ્ચિત કરવા આ રોકાણો ખુબ જ મહત્વપૂર્ણ છે.



### નિશુલ્ક શાળાપૂર્વ બાળ સંભાળ

કિન્ડરગાર્ટનમાં જવાલાયક થાય ત્યાં સુધી અઢી વર્ષના બાળકો માટે મફત શાળાપૂર્વ જોગવાઈ કરી પરવડી શકે તેવી વધુ ગુણવત્તાયુક્ત બાળ સંભાળ પૂરી પાડી રહ્યું છે જેનાથી એક બાળકવાળા કુટુંબ માટે 17,000 ડોલર, સરેરાશ રીતે, બચાવી પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટનથી પરિવારોને મળતી બચતમાં વૃદ્ધિ કરી રહ્યું છે.



### નિશુલ્ક 65+ પ્રિસ્ક્રિપ્શન દવાઓ

કોઈ વરિષ્ઠ નાગરિકને ક્યારેય જરૂરી દવાઓ વગર રહેવું ન પડે તે સુનિશ્ચિત કરવા, 65 વર્ષ અને તેનાથી વધુ ઉંમરનાઓ માટે OHIP+ દ્વારા પ્રિસ્ક્રિપ્શન દવાઓ તદ્દન મફત આપી રહ્યું છે. ઑન્ટેરિઓ ડ્રગ બેનિફિટની વાર્ષિક કપાતો અને સહ-ચુકવણી નિર્મૂળ કરવાથી, તે ઑન્ટેરિઓના હરેક વડીલ માટે દર વર્ષે સરેરાશ 240 ડોલરની બચત કરે છે.




### દવાઓ અને દાંતની સારવારના ખર્ચમાં ઘટાડો

જેઓને કાર્યસ્થળે સ્વાસ્થ્યલક્ષી લાભો મળતા નથી અથવા જેઓ OHIP + કે અન્ય સરકારી કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં ન આવ્યા હોય તેમને માટે એક નવો ઑન્ટેરિઓ ડ્રગ એન્ડ ડેન્ટલ પ્રોગ્રામ દાખલ કરી રહ્યા છીએ, જેમાં, હકયોગ્ય પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને દાંતની સારવારના ખર્ચ પર દર વર્ષે 80 ટકા જેટલું, એકદોકલ વ્યક્તિ દીઠ મહત્તમ 400 ડોલર, દંપતિ દીઠ 600 ડોલર અને બે બાળકો વાળા ચાર જણાના પરિવાર માટે 700 ડોલર સુધીનું વળતર આપી રહ્યું છે.

## જીવનનિર્વાહ ખર્ચમાં મદદ કરવા માટે

ઑન્ટેરિઓ રાજ્ય:

- જાન્યુઆરી 1, 2018 ના રોજ ન્યૂનતમ વેતન કલાકના 14 ડોલર સુધી વધારીને જાન્યુઆરી 1, 2019 થી કલાકના 15 ડોલર કરી સમગ્ર ઑન્ટેરિઓના 1.2 મિલિયન લોકો માટે લાંબા સમયથી રાહ જોવાતો પગાર વધારો આપી રહ્યું છે.
- નવો સિનિયર્સ હેલ્ધી હોમ પ્રોગ્રામ દાખલ કરી રહ્યું છે. આ કાર્યક્રમ અન્વયે વૃદ્ધો જ્યાં રહેવા માંગતા હોય ત્યાં, ઘરમાં રહેતા તે વડીલો સાથે સંકળાયેલા ખર્ચાઓને માન્યતા આપે છે. તેમને સ્વતંત્ર રીતે રહેવામાં મદદ કરવા અને તેમના ઘરોને જાળવવાના ખર્ચને સરભર કરવા 75 કે તેથી વધુ વયના વડીલોની અગ્રીમતા હેઠળના સુપાત્ર પરિવારો માટે તે વાર્ષિક 750 ડોલરનો લાભ આપે છે.
- ગો ટ્રાન્ઝિટ / યુપી એક્સપ્રેસ નેટવર્ક અને ટીટીસી વચ્ચે ટ્રાન્સફર કરતી વખતે જે ખર્ચ થાય છે તેમાં સરાસરી આવ-જા કરનાર માટે વાર્ષિક લગભગ 720 ડોલરનો આવવા-જવા નો ખર્ચ ઘટાડી રહ્યું છે અને, જુલાઈ 1, 2017 થી, પબ્લિક ટ્રાન્ઝીટ ટેક્ષ ક્રેડીટ આપી રહ્યું છે જે વડીલોને 450 ડોલર સુધીની બચત કરી આપે છે.
- જુલાઇ 1, 2017 થી ઘરઘથ્થુ વીજળી બીલમાં સરેરાશ 25% જેટલી અને સુપાત્ર ગ્રામીણ અને ઓછી આવકવાળા પરિવારો માટે 40 થી 50% સુધી રાહત આપી રહ્યું છે.
- રોજના 10 ડોલરથી વધારે પાર્કિંગ ચાર્જ લેતી હોસ્પીટલોને કપાત દરે પાસ આપવાની જરૂરિયાત લાગુ કરવાથી અવારનવાર મુલાકાતે આવતા લોકોને ઓછામાં ઓછી 50 ટકા જેટલી રાહત કરી આપીને દર્દીઓ અને તેમના પ્રિયજનો પર ચઢતો નાણાકીય બોજ ઓછો કરી રહ્યું છે.
- પ્રદૂષણ ઘટાડવા, ઉત્સર્જન ઓછું કરવા અને GreenON રિબેટ્સ દ્વારા ઊર્જા ખર્ચ પર નાણાં બચાવવા લોકોને પોતાના ઘરોમાં સુધારાવધારા કરવાનું પરવડી શકે તેવું બનાવી રહ્યું છે. તેનો અર્થ છે કે નવા ઇન્સ્યુલેશન પર 7,200 ડોલર સુધીની, બારીઓ બદલવા પર 5,000 ડોલર સુધીની, અથવા સર્ટિફાઈડ ગ્રાઉન્ડ સોર્સ હીટ પંપ બેસાડવા 20,000 ડોલર સુધીની બચત થઈ શકે છે.

- 65 થી 70 વર્ષની વચ્ચેની વયના વડીલો માટે દરાજ ની મફત શિંગલ્સ વેક્સીન પુરી પાડીને વ્યક્તિ દીઠ આશરે 170 ડોલર ની બચત કરી આપી તેમનું જીવન વધારે સરળ અને નીરોગી બનાવી રહ્યું છે.
- 17 વર્ષથી ઓછી વયના ઑન્ટેરિઓનાં બાળકોને મફત પ્રિવેન્ટીવ, રૂટીન અને આકસ્મિક સમયની દંતસારવાર આપી ઓછી આવકવાળા પરિવારો માટે દાંતની સારવારના ખર્ચાઓમાં બચત આપી રહ્યું છે.

## બાળસેવામાં રોકાણ કરવા માટે

ઑન્ટેરિઓ રાજ્ય:

- કિન્ડરગાર્ટનમાં જવાલાયક થાય ત્યાં સુધી અઢી વર્ષના બાળકો માટે મફત શાળાપૂર્વ જોગવાઈ કરી પરવડી શકે તેવી વધુ ગુણવત્તાયુક્ત બાળસેવા પૂરી પાડી રહ્યું છે. એક બાળકવાળા કુટુંબ માટે એ 17,000 ડોલર, સરેરાશ રીતે, બચાવી પરિવારોને પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટનથી પણ મળતી બચતમાં વૃદ્ધિ કરે છે.
- બાળસેવાને લગતા 1,00,000 થી વધુ સ્થળો ઉમેરી રહ્યું છે જેથી વધુને વધુ કુટુંબો બાળ સંભાળ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા, પોષણક્ષમ એવા વધારે વિકલ્પો મેળવી શકે છે - અને લગભગ બધી નવી જગ્યાઓના 60 ટકા માટે, સબસિડી ધરાવતા પરિવારોને વધારાની નાણાંકીય સહાયની ઓફર કરી રહ્યું છે.
- મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં કાર્યક્રમો પૂરા પાડવાની જરૂરિયાત શાળા બૉર્ડ પર લાગુ કરી 12 વર્ષ સુધીની વયના બાળકોવાળા પરિવારોને શાળા પહેલા- અને પછીના બાળસંભાળ કાર્યક્રમોમાં વધુ સારી રીતે પ્રવેશ અપાવી રહ્યું છે.

## વિદ્યાર્થીઓની સહાય માટે

ઑન્ટેરિઓ રાજ્ય:

- તમામ ઉંમરના 225,000 થી વધુ વિદ્યાર્થીઓ માટે કૉલેજ અને યુનિવર્સિટી ટયુશન મફત કરી રહ્યું છે. નિમ્ન અને મધ્યમ આવકવાળા પરિવારોના વિદ્યાર્થીઓ માટે મફત અથવા ઓછી ટયુશન ફી

ઉપલબ્ધ છે; 9, 000 ડોલર સુધીની આવકવાળા માટે ટયુશન મફત છે અને 175,000 ડોલરથી વધુ આવકવાળા પરિવારોના વિદ્યાર્થીઓ પણ નાણાકીય સહાયપાત્ર છે.

- 2018 ના પાનખરથી મધ્યમ-આવકવાળા પરિવારોના વિદ્યાર્થીઓ અથવા જેઓ પરિણીત છે તેવાને પણ OSAP માટે લાયક ગણવાનું શરૂ કરી તેમને વધારે નાણાકીય સહાય મેળવવાનું વધુ સરળ બનાવી રહ્યું છે.
- ઑન્ટેરિઓ ઓપન ટેક્સ્ટબુક્સ ઇનિશિએટીવ દ્વારા નિશુલ્ક ઓનલાઈન પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક સ્રોતો પૂરા પાડીને 5,000 થી વધુ વિદ્યાર્થીઓને 520,000 ડોલર ઉપરની બચત કરાવી રહ્યું છે.
- OSAP લોનની પુનઃચુકવણી વધુ સાનુકૂળ બનાવી રહ્યું છે. જ્યાં સુધી અપરિણીત વિદ્યાર્થીઓ વર્ષેદહાડે ઓછામાં ઓછા 35,000 ડોલર કમાતા થતા નથી, ત્યાં સુધી તેમણે પોતાની વિદ્યાર્થી લોનનો ઑન્ટેરિઓ રાજ્યહિસ્સો પાછો ચૂકવવાનું શરૂ નહિ કરવું પડે, આમ અગાઉની ન્યૂનતમ મર્યાદા 25,000 ડોલરમાં 10,000 ડોલરનો વધારો કરવામાં આવ્યો છે.

## પોતાનું ઘર લેવું પરવડે તેવા સુધારા કરવા

ઑન્ટેરિઓ રાજ્ય:

- જાન્યુઆરી 1, 2017 થી પહેલી વાર ઘર ખરીદનારાઓ માટે મહત્તમ લેન્ડ ટ્રાન્સફર ટેક્ષ રિફંડ 4,000 ડોલર સુધીનું બમણું કરી વધુ લોકો માટે પોતાનું પ્રથમ ઘર ખરીદવાનું વધુ સરળ બનાવી રહ્યું છે. એટલે કે, ઑન્ટેરિઓમાં સુપાત્ર ઘર ખરીદનારાઓને પોતાના પહેલા ઘરની કિંમતના પ્રથમ 368,000 ડોલર પર કોઈ લેન્ડ ટ્રાન્સફર ટેક્સ ચુકવતાનો થતો નથી.
- ખાનગી બજારના ભાડે અપાતા એકમો સુધી ભાડા નિયંત્રણો વિસ્તારી ફેર હાઉસિંગ પ્લાન દ્વારા આવાસન બજાર પુનઃસંતુલિત કરવામાં મદદ કરી રહ્યું છે.